# મહાત્મા મંદિર સંકુલમાંથી કિશોરનો મૃતદેહ મળ્યો

## ફતેપુરાથી ગુમ થયેલો કિશોર મહાત્મા મંદિરના વીવીઆઈપી પાર્કીંગની અન્ડર ગ્રાઉન્ડ ટાંકીમાં કેવી રીતે પહોંચ્યો અને ડુબ્યો ? તે બાબત રહસ્યમય : કિશોર ચાર દિવસથી લાપતા હતો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરના ફતેપુરા વિસ્તારમાં રહેતો ૧૦ વર્ષિય કિશોર ચાર દિવસથી લાપતા હતો. તેનો મૃતદેહ આજે સવારે મહાત્મા મંદિરના વીવીઆઈપી પાર્કિંગમાં સ્થિત અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે. માનસિક રોગથી પિડાતો કિશોર ફતેપુરાથી મહાત્મા મંદિર કેવી રીતે પહોંચ્યો અને પાણીની ટાંકીમાં પડીને ડુબી ગયો તે બાબત હજુ રહસ્યમય છે. આજે સવારે ટાંકીમાંથી દુર્ગંધ આવતા સિક્યુરીટી ગાર્ડે પોલીસને જાણ કરી બોલાવી હતી. સે. ૭ પોલીસે ફાયરબ્રિગેડની મદદથી કિશોરનો મૃતદેહ અત્યંત ફોગાઈ ગયેલી હાલતમાં બહાર નીકાળી પરિવારજનોને સોંપ્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પોસ્ટમોર્ટમ કરાવી ઊંડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ સેક્ટર-૧૫ ફતેપુરા વિસ્તારમાં રહેતા અને મુળ સે. ૨૪ ઈન્દીરાનગર છાપરાના ગોરધનભાઈ પોપટભાઈ સોલંકીનો ૧૦ વર્ષનો દિકરો રાજુ ૨૭ જાન્યુઆરીએ સાંજે સાડા છ વાગ્યે ગુમ થઈ ગયો હતો. શાકભાજીનો ધંધો કરીને પરીવારનું ગુજરાન ચલાવનાર ગોરધનભાઈ તથા પરિવારે ગુમ થઈ ગયેલ માનસિક અસ્થિરતાથી પિડાતા પોતાના ૧૦ વર્ષના દિકરા રાજુની શોધખોળ શરૂ કરી હતી, પરંતુ ક્યાંયથી તેના સગડ ન મળતા સે. ૭ પોલીસ મથકમાં જાણવા જોગ નોંધાઈ હતી. આજે સવારે મહાત્મા મંદિરમાં એક સફાઈ કામદાર વીવીઆઈપી પાર્કીંગ પાસેથી પસાર થયો ત્યારે અન્ડરગ્રાઉન્ડ પાણીની મોટી ટાંકીમાંથી અત્યંત દુર્ગંધ આવતા તે ટાંકી તરફ ગયો હતો. ટાંકીમાં એક મૃતદેહ દેખાતા ગભરાઈ ગયેલા સફાઈ કામદારે તાત્કાલીક સિક્યુરીટી ગાર્ડને જાણ કરી હતી અને ગાર્ડે પોલીસને જાણ કરતા સે. ૭ પોલીસ મથકના પીઆઈ એલ.બી. મોણપુરા તથા ડીવાયએસપી જેઠવા તેમની ટીમ સાથે આવી પહોંચ્યા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈહતી. ફાયરમેન ચિનુભાઈ તથા ટીમ પાણીની ટાંકીમાં ઉતરીને મૃતદેહ બહાર નિકાળ્યો હતો.



(તસવીર : વિપુલ ચૌહાણ)

પોલીસે તપાસ કરતા ફતેપુરાથી ગુમ થયેલા રાજુનો જ મૃતદેહ હોવાનુ બહાર આવ્યુ હતુ. મહાત્મા મંદિરમાં જ રાજુને મૃત હાલતમાં જોઈ પરીવારજનોનું હૈયાફાટ રૂદન શરૂ થઈ ગયું હતું. ગુમ કિશોર મહાત્મા મંદિરની ટાંકી સુધી કેવી રીતે પહોંચ્યો અને તેનું મૃત્યુ ડુબી જવાથી કેવી રીતે થયુ તે બાબત હજુ રહસ્યમય છે. પોલીસે ગુનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી

**વિષ્ણુપ્રસાદ દેવશંકર ત્રિવેદી (રૂપાલ)** તા. ૨૬-૧-૨૦૧૫ના રોજ દેવલોક પામેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૦૧-૦૨-૨૦૧૫ના રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : ૧૩૪૦/૨, સેક્ટર-૫/એ, પ્રેરણા હાઈસ્કૂલ સામે, ગાંધીનગર**

| | |
|---|---|
| સ્વ. નટવરલાલ દેવશંકર ત્રિવેદી | રાજેન્દ્રપ્રસાદ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી |
| સિતારામ દેવશંકર ત્રિવેદી | (સચિવાલય સ્વર્ણિમ-૨, ગાંધીનગર) |
| રમણલાલ દેવશંકર ત્રિવેદી | ઓમકાર વિષ્ણુપ્રસાદ ત્રિવેદી |
| બાબુલાલ દેવશંકર ત્રિવેદી | નિસર્ગ રાજેન્દ્રપ્રસાદ ત્રિવેદી |
| | નિલ ઓમકાર ત્રિવેદી |

**પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળ અને સમયે રાખેલ છે. સિતારામ પંચોલી**

## તૃતિય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. બાબુલાલ કાળીદાસ પટેલ**

**જન્મ તા. ૫-૯-૧૯૩૬, સ્વ. તા. ૧-૨-૨૦૧૨**

**૩૫૭, ગાયત્રીનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર**

અમારા જીવનના ઘડવૈયા તમે, તમારા સંસ્કારોથી શોભતા અમે,
સંઘર્ષ તમે કર્યા, સુખ અમને મળ્યા.
કર્મ તમે કર્યા, ફળ અમને મળ્યા, કોઈ કહે પૂણ્ય કમાઈને ગયા,
કોઈ કહે સુવાસ ફેલાઈને ગયા, કોઈ કહે પરિવારના મોભી ગયા,
અમે તો કહીશું અમારા તો સર્વે સર્વા ગયા,
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના...

**ગં.સ્વ. મધુબેન બી. પટેલ** (મો. : ૯૪૨૬૫૮૫૬૧૨)
**જિતેન્દ્રકુમાર એમ. પટેલ** — **પન્નાબેન પી. પટેલ**
**મીનાક્ષીબેન જે. પટેલ** — **પ્રભાકર સી. પટેલ**
**જૈવિક જે. પટેલ**

# રાજકારણીઓ અડધા કલાકના પ્રવચનમાં જે કહી નથી શકતા તે સાહિત્યકારો એક વાક્યમાં કહી શકે છે : આનંદીબેન

## ટાગોર હોલ ખાતે કવિ ભાગ્યેશ જહાના ત્રણ પુસ્તકોનો શબ્દ સ્વિકૃતિ સમારોહ યોજાયો : પૂ. મોરારિબાપુ અને વિનોદ ભટ્ટના પ્રેરક ઉદ્બોધનોમાં શ્રોતાઓ રસ તરબોળ



ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતી ભાષામાં એટલુ સમૃદ્ધ સાહિત્યનું સર્જન થવુ જોઈએ કે જેનો અનુવાદ અન્ય ભાષાઓમાં થાય. બાળ સાહિત્ય આધારિત ચિત્રકથાઓમાં પણ સર્જન વધુ પ્રચુર થાય તેમ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે રમત-ગમત વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહાના ત્રણ પુસ્તકોના વિમોચન પ્રસંગે કહ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે હુ દરેક સમારોહમાં દરેક પાસે માંગુ છુ આજે સાહિત્યકારોની અહિ જે હાજરી છે તે જોઈ મારૂ મન રોકી શકતી નથી. અમે રાજકારણીઓ અડધા કલાકના પ્રવચનમાં પણ ના કહી શકીએ તેવી વાતો ચોટદાર રીતે તમે એક જ વાક્યમાં કહી શકો છો.

સ્વચ્છતા મિશનને વધુ અસરકારક બનાવવુ છે ત્યારે સાહિત્યકારો તેમના આ વિષયના સર્જન કરી અને સહયોગ આપે.

તેમણે ભાગ્યેશ જહાના પ્રકાશિત પુસ્તકોનો ઉલ્લેખ કરી કહ્યુ કે આમુખમાં તેમના તંત્રી લેખોનો સંગ્રહ છે પણ સરકારી યોજનાઓની વાતોને સાહિત્યના નવા રૂપમાં આલેખી જે રસપ્રદ બનાવ્યા છે તે સરાહનીય છે.

શ્રીમતિ પટેલે કહ્યુ કે કલા

● અનુસંધાન પાના - ૭ પર

# 'ગુજરાત કે રંગ - ઉત્સવ કે સંગ' સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગાંધીનગરના કલાકારો છવાયા

## ગાંધીનગર ખાતે ૧૮મી રાષ્ટ્રીય ઈ-ગવર્ન્ન્સ કોન્ફરન્સમાં જાણીતા કોરીયોગ્રાફર ભાવિન પટેલના નિદર્શન હેઠળ ૧૨૫ કલાકારોનો રાષ્ટ્રીય કક્ષાનો લોકનૃત્ય સાંસ્કૃતિક કાર્યક્રમે જમાવટ કરી

ગાંધીનગર, તા.૩૧

મહાત્મા મંદિર ખાતે તાજેતરમાં યોજાયેલ ૧૮મી રાષ્ટ્રીય ઈ-ગર્વનન્સ કોન્ફરન્સમાં ગાંધીનગરના પઘનટ કલા કેન્દ્રના ભાવિન પટેલના ડાયરેકશન હેઠળ ગુજરાતના ૧૨૫ જેટલા કલાકારોએ 'ગુજરાત કે રંગ-ઉત્સવ કે સંગ' નામનો લોકનૃત્યનો ભવ્ય કાર્યક્રમ રજુ કરી ઉપસ્થિતોના મન મોહી લીધા હતા.




૧૮મી રાષ્ટ્રીય ઈ-ગર્વનન્સ કોન્ફરન્સમાં ગુજરાતભરમાંથી ૧૨૫ જેટલા નિવડેલા કલાકારો જેમાં પનઘટ કલા કેન્દ્ર - ગાંધીનગર, ઉલ્પા ડાન્સ અકાદમી-વડોદરા, કલાપથ સંસ્થા-ભાવનગર, શ્રી શિવાજીભાઈ કાપરૂભાઈ-ભોટો, ગઢવી યુવક મંડળ-ડાંગ, સીદી ધમાલ ગોમા ગૃપ, રતનપુર-ભરુચ, શ્રી આવઢ રાસ મંડળ-ભાવપુરા-પોરબંદરના કલાવૃંદોએ 'ગુજરાત કે રંગ-ઉત્સવ કે સંગ' નામનો રાષ્ટ્રીય કક્ષાનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો. જેનું આયોજન ડીપાર્ટમેન્ટ ઓફ એડમીનીસ્ટ્રેટીવ રીફોર્મસ એન્ડ પબ્લીક ગર્વનન્સીસ, ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનીકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, મીનીસ્ટ્રી ઓફ કોમ્યુનિકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ભારત સરકાર અને ગુજરાત રાજયના ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુજરાત ઈન્ફોર્મેટીકસ લી.ના ઉપક્રમે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો. જેમાં ગણેશવંદના, પ્રાચીન ગરબો, મિશ્રરાસ, ડાંગી નૃત્ય, મણીયારો રાસ, સિદી ધમાલ નૃત્ય રજુ કરાયું. સંગીતકાર શ્રી નયનેશભાઈ જાનીના સંગીતમાં તૈયાર થયેલ ગ્રાન્ડ ફિનાલે જેમાં ૧૨૫ કલાકારોએ શ્રી ભાવીન પટેલના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો. જે કાર્યક્રમ નિહાળીને ઉપસ્થિત આમંત્રિત મંત્રમુગ્ધ થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ચિંતન પંડયા દ્વારા કરવામાં આવ્યું અને ગૃપ લીડર ઉલ્પા દેસાઈ, કુશલ દિક્ષીત, સીદી નઝીર, લાખણસિંહભાઈ, શિવાજી ભોયેન્તની ઉત્તમ સેવાઓ મળી હતી.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અર્ણી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515




Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com